# પક્ષઘાતી માણસનો ખ્રિસ્તને મેળાપ થયો.

**બાળકોને શીખવો કે ખ્રિસ્ત તેમને તારવા માંગે છે.**

બાળકોને લગતી પ્રવૃત્તિઓ પસંદ કરો.

**માર્ક ૨ :૧-૧૨** ઉપરથી એક પક્ષઘાતી માણસ કેવી રીતે પ્રભુ ઈસુને મળે છે તે વાર્તા એક મોટો બાળક અથવા શિક્ષક વાંચે આ વાર્તા આપણને શીખવે છે કે આપણે આપણા મિત્રોને પ્રભુ ઈસુ પાસે આવવામાં મદદરૂપ થવું જોઈએ કે જે તેમનું તારણ કરી શકે છે.

વાર્તા કહી રહ્યા પછી આ પ્રશ્નો **પૂછો.**

- ઈસુ આવ્યા છે તેવું તેઓએ સાંભળ્યું ત્યારે ઈસુએ શું કર્યું ? (૨)
- માંદા માણસના મિત્રો તેને ઈસુ પાસે કેવી રીતે લાવ્યા ? (૪)
- તે માણસના મિત્રોની કઈ બાબત પ્રત્યે ઈસુનું ધ્યાન ખેંચાયું ? (૫)
- ઈસુએ તે માંદા માણસને પ્રથમ શું કહ્યું ? (૫)
- શાસ્ત્રીઓએ ઈસુના શબ્દો વિષે મનમાં શું વિચાર્યું ? (૭)
- ઈસુએ કેવી રીતે બતાવ્યું કે તેને પાપ માફ કરવાનો અધિકાર છે ? (૧૦-૧૨)

**માર્ક ૨ :૧-૧૨** ઉપરથી ઈસુએ પક્ષઘાતીને સાજાપણું આપ્યું તે વાર્તાનું નાટક ભજવી બતાવો. બાળકો સાથે આ નાટકની તૈયારી કરો. બધા ભાગ ભજવવા જરૂરી નથી.

- **મોટા બાળકો** કે સભાજનો આ પાત્રો ભજવે.

  **ઉદ્‌ઘોષક** કે જે વાર્તા કહે અને સંવાદો તૈયાર કરાવે.

  **ઈસુ**

**નાના બાળકો** આ પાત્રો ભજવે.

**પક્ષઘાતી માણસ**

**ચાર મિત્રો**

**લોકો**

**શાસ્ત્રીઓ**

**ભાગ ૧ માર્ક ૨ :૧-૪**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ ક. ૧ - ૪ મુજબ કહે પછી બોલે, સાંભળો, માંદા માણસના મિત્રો શું કહે છે.

**મિત્ર ૧** : ઈસુ ઘરમાં છે. ચાલો આપણે આપણા આ પક્ષઘાતી મિત્રને ઈસુ પાસે લઈ જઈએ. ઈસુ તેને સાજાપણું આપશે. (આ ચાર મિત્રો તેને ઊંચકવાનો અભિનય કરે)

**મિત્ર ૨** : પણ ઘરમાં તો ખૂબ જ ભીડ છે, આપણે અંદર કઈ રીતે જઈશું ?

**મિત્ર ૩** : આપણા મિત્રને લઈને અંદર કઈ રીતે જઈશું ?

**મિત્ર ૪** : આપણે છાપરા પર ચઢી જઈએ અને છાપરું ઉકેલીને દોરડા વડે તેને નીચે ઉતારીએ.
ચારે મિત્રો ટેબલ કે ખુરશીઓ ઉપર ચઢી જાય અને છાપરા ઉપરથી નળિયા ખસેડવાનો અભિનય કરે.

**ભાગ ૨ માર્ક ૨ :૫-૭**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ કલમ ૫-૭ અનુસાર કહે પછી બોલે સાંભળો, લોકો શું કહે છે?

**લોકો** : 'અરે! ઉપર પેલા માણસો છાપરું ઉકેલે છે', 'મારા ઉપર કચરો પડે છે', 'જૂઓ કોઈને ખાટલા સાથે નીચે ઉતારે છે', 'મારા માથા પાસે ખાટલો આવ્યો.' 'ખસો, ખાટલા માટે જગા કરો.'

**પક્ષઘાતી માણસ** :ખાટલામાં પડી રહે છે.

**ઈસુ** : તેને જૂએ છે અને ઉપર જૂએ છે અને કહે, 'મિત્રો, મેં તમારો વિશ્વાસ જોયો.' તે નીચે જોઈને તે માણસને અડકે છે અને કહે છે, 'દીકરા, તારા પાપ માફ થયા છે.'

**શાસ્ત્રીઓ** : ગુસ્સાથી બોલે, 'આ માણસ પાપ કઈ રીતે માફ કરે ? તે પોતાને શું ધારે છે ?

**ભાગ ૩ માર્ક ૨ :૮-૧૨**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો ત્રીજો ભાગ કલમ ૮-૧૨ અનુસાર કહે પછી બોલે, સાંભળો, ઈસુ શું કહે છે ?

**ઈસુ** : ટોળાને કહે, 'હું તમને બતાવીશ કે હું પાપ માફ કરી શકુ છું' તે પક્ષઘાતીને કહે, 'ઊઠ અને તારો ખાટલો ઊંચકીને ચાલ.'

**પક્ષઘાતી માણસ** :કૂદીને ઊભો થાય. અને બોલે, 'પ્રભુની સ્તુતિ થાઓ હવે હું ચાલતો થયો છું' (ચારે બાજુ ચાલે) 'જૂઓ! હવે હું પક્ષઘાતી નથી. અને મારા પાપ માફ થયા છે.'

**લોકો** : પ્રભુની સ્તુતિ થાઓ ! અમે આવું કદી જોયું નથી.'

**ઉદ્‌ઘોષક** : નાટક પૂરું થયાની જાહેરાત કરે. ભાગ લેનાર સર્વનો આભાર માને સભાજનોનો સાંભળવા બદલ આભાર માને.

**જો સામાજિક વાંધો ન હોય તો એક બાળકને સભાજનોને પ્રશ્ન પૂછવા દો.** આપણા જીવનમાં અંધકારના પરિબળોથી પ્રભુ ઈસુ આપણને છોડાવે છે તેના બીજા ઉદાહરણો ક્યા છે ? (લોકો દાખલા આપે)

- સભાના આગેવાન પાસે બાળકો માટે મંજુરી લો કે
- ભજનસેવા વખતે તેઓ નાટક રજુ કરી શકે.આ અભ્યાસની શરૂઆતના પ્રશ્નો તેઓ સભાજનોને પૂછી શકે
- ગીત કે અન્ય જે તેમણે તૈયાર કર્યું હોય તે તેઓ રજુ કરી શકે.

ત્રણ બાળકો ગીત. ૨૫ :૧,૨ અને ૭ કલમો મોઢે બોલી જાય

હે યહોવાહ, હું તારામાં મારું અંતઃકરણ લગાડું છું.

હે મારા દેવ, મેં તારા પર ભરોસો રાખ્યો છે, મારી લાજ રાખજે

મારા શત્રુઓ મારા પર જયજયકાર ન કરે

મારી જુવાનીના પાપ તથા મારા અપરાધોનું સ્મરણ ન કર.

હે યહોવાહ તારી ભલાઈ તથા તારી કૃપા પ્રમાણે મને સંભાર.



એક પથારીનું ચિત્ર દોરો.

- નાના બાળકોને આ ચિત્રની કોપી કરાવવામાં મોટા બાળકો સહાય કરે
- ભજનસેવામાં આ ચિત્રો તેઓ બતાવે. તેઓને સમજાવવા દો કે આ પથારી આપણને સમજાવે છે કે પ્રભુ ઈસુ આપણને કેવી રીતે ભૂંડાઈ અને રોગના પરિણામોમાંથી છોડાવે છે.

**સમજાવો** કે આ જીંદગીમાં જો કે આપણે દુઃખ સહન કરીએ છીએ, તો પણ પ્રભુ ઈસુ આપણને નવું અને ઉત્તમ જીવન આપે છે જે સદાકાળ ટકે છે.

લુક ૧૯ :૧૦ **મુખપાઠ કરો.**

પ્રભુ ઈસુની આપણે જોએલી સાજાપણાની વાર્તાને લગતું **ગીત** બાળકો બનાવે અથવા નાની વાર્તા બનાવે. કે તેવી કોઈ સાક્ષી આપે. કે બાળકોના હૃદયમાં ઈસુ કેવી રીતે આવ્યો.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, ભૂંડાઈને કારણે જે દુઃખો આવે છે તેના ઉપર જયવાન થવા તમારા સામર્થ્યને માટે અમે તમારો આભાર માનીએ છીએ. તમે ઘણીવાર અમને સાજાપણું આપો છો. અને અમારા પાપ હર વખતે માફ કરો છો. અમારા હૃદયોમાંથી તમે ભૂંડાઈ દૂર કરી છે માટે અને અમને મૃત્યુંજય જીવન આપ્યું છે માટે તમારો આભાર માનીએ છીએ. અમે જાણીએ છીએ કે અમે સદાકાળ તમારી સાથે જીવીશું ત્યારે કોઈ દુઃખો નહીં હોય.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.